

# સાધુહૃદયની પ્રાર્થનાગંગા





## હે સાહેબજી !

આપ સંત છો... સંત રૂપમાં ભગવંત છો
યોગીબાપાએ આપને સંતના સર્વ ગુણ દીધા
શ્રીજી સ્વામીએ ભગવંતનાં સર્વ ઐશ્વર્ય દીધાં
આપ આ બ્રહ્માંડે પધાર્યા...
પ્રગટ થયા ત્યારે જ બ્રહ્મસ્વરૂપે પધાર્યા
બાળપણથી જ સૌને સંબંધ આપી પોતાના કર્યા
આપમાં જે પ્રેમે જોડાયાં તે સૌને યોગીખોળે મૂક્યાં
સૌને પ્રાર્થના ભજનનાં બળ સિંચ્યાં... સેવાઓ કરાવી
સૌને શુદ્ધ ઉપાસના સમજાવી... આત્મસાત્ કરાવી
ગુણાતીતભાવમાં સૌ રહેતા થાય તેવા શુભ સંકલ્પ કર્યા
*અક્ષરં અહં પ્રગટ પુરુષોત્તમસ્વરૂપસ્ય દાસોઽસ્મિ ।*
આ પરમ શાશ્વત સાધના સૌને કરાવતા રહ્યા.
સૌને 'સ્વ'ના ભાવ મૂકાવતા રહ્યા... શુદ્ધ કરતા રહ્યા
સૌ નિર્દોષ બને... અહં મૂકે... તે માટે પ્રાર્થના કરતા જ રહ્યા
તો આજે અનુપમ દિવ્ય સમાજ રચાયો.

યોગીબાપાને ગમતું... સૌ એકતા સુહૃદભાવે જીવન જીવે
યોગીબાપાને ગમતું સૌ દાસત્વભાવે સેવા કરતા રહે
યોગીબાપાને ગમતું સૌ શાસ્ત્રીજી મહારાજનું શોભાડે
તે બાપાનું ગમતું આપે સૌ આશ્રિતોને ઘૂંટાવ્યું
સૌને સમજાવ્યું અને આચરણમાં મૂકાવ્યું
આપે શાસ્ત્રીજી મહારાજ-યોગીજી મહારાજના ઉપાસના કાર્યને વહેતું રાખ્યું
તે દિવ્ય કાર્યને આપે દિગંતે વ્યાપ્ત કર્યું... જીવંત કર્યું.

આપના સંબંધમાં જે આવ્યાં તે સૌને સ્વીકાર્યાં
શ્રીજી-સ્વામી-યોગીનાં સંબંધી સૌને આવકાર્યાં
સૌનો મહિમા ગાયો ને તે સંબંધે આપનાં સૌને જીવતા કર્યાં
પરિણામે સૌને 'સ્વ' રહિત કરી પરમ સુખે છલકાવી દીધાં
આપે યોગીનાં સૌને રાજી કર્યાં.



આપ સંબંધે જીવો છો... સૌની સાથે વર્તો છો
સૌ સંબંધે જીવતા રહે તે અનુગ્રહ કરો છો
સંબંધી સર્વને નિર્દોષ માનો છો ને તેવાં વર્તન કરો છો
આપને કોઈના દોષ કદી દેખાતા નથી
આપ તેથી તો આપનામાં હેત કર્યાં તે સૌને નિર્દોષ કરો છો
આપ સૌની સંબંધ જોઈ જાળવી સદા સેવા કરો છો
આપનાં જે માન્યાં... બાપાએ જે આપ્યાં તેને સેવામાં જોડો છો
પરિણામે આજે સૌ નિર્દોષ થયાં - સેવક બન્યાં - દાસ બન્યાં
સૌ પરમ સુખ પામ્યાં... સૌ સહજાનંદી બન્યાં !

**હે દયાળુ સાહેબદાદા !**

આપના પ્રાગટ્યના મંગલ અવસરે
આપનાં અમે સૌ... આપનાં આશ્રિતો... આપનાં સેવકો
આપની કૃપાથી ઉપાસના દૃઢ કરી, સુખી થયાં તે સૌ...
આપને વંદન કરીએ... સમર્પણ ધરીએ
રહી સહી ઊણપ ટાળી, આપના અભિપ્રાયે જિવાડો !
શ્રીજી - સ્વામી - યોગીબાપા - શાસ્ત્રીજી મહારાજ
સર્વ પ્રગટ સ્વરૂપો અને વિદ્યમાન પ્રત્યક્ષ સ્વરૂપો
આપ સૌએ જે અમને દીધું છે
તેનો અહોભાવ કરતા રહીએ
આપની સ્મૃતિમાં ગરકાવ રહીએ !
આપનાં આજે સૌ કૃપાનાં યશભાગી દિવ્ય ચૈતન્યો
તેને આપનાં જ સ્વરૂપો માની સેવા કરતા રહીએ
આપનો અંતરનો રાજીપો કમાતા રહીએ
તે માટે બળ દેજો...
તેવા દિવ્ય જીવન માટે જાગ્રતતા દેજો.
સદાય રાજી રહેજો
રાજી રાખી શકીએ તેવાં સમજ શક્તિ દેજો ! ◆



બ્રહ્મજ્યોતિ, ૧ માર્ચ, ૨૦૧૯